**:: આંક–૨૧ લગત હુકમ ::**

1. આ કામના વાદી ધ્વારા દાવાના કામે આંક–૨૧ થી સી.પી.સી. ઓ.–૧૧, રૂલ–૧૨ મુજબ દસ્તાવેજ ડિસ્કવરીની અરજી રજુ કરી જણાવેલ છે કે, સદર કામે વાદી તરફે જાહેરાત તથા જાથુકી મનાઈ હુકમ મેળવવા હાલનો દાવો દાખલ કરેલ છે. જે કામે આ કામના પ્રતિવાદીઓ તરફથી હકીકતનો પાઠાફેર કરી જવાબ રજુ કરેલ છે. જે અનુસંધાનમાં તથા ખરી હકીકતો નામ. કોર્ટના રેકર્ડ ઉપર લાવવી ખૂબ જ જરૂરી છે. આ કામના પ્રતિવાદી તરફથી રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવામાં અનુક્રમ નં. ૯ થી ૧૩ માં જણાવેલ સ.નં. ૧૯, ૨૧, ૨૨, ૨૩, ૧૮ વાળી નકલોનું નિરીક્ષણ કરવામાં આવે તો સદર ૭/૧૨ ની નકલમાં માલિકનું નામ કઈ રીતે ચઢાવવામાં આવેલ તે દર્શાવતી એન્ટ્રી નંબર લખવામાં આવેલ નથી. જે હકીકતો આ નકલોમાં લખવામાં આવેલ નથી. જે સંજોગોમાં ઉપરોકત હકીકતોનો ઉલ્લેખ ન હોય તો તેને ગેરકાયદેસર ગણવી જરૂરી છે. જેથી પ્રતિવાદીઓ તરફથી ખોટા દસ્તાવેજ રજૂ કરેલ હોવાનું પ્રથમદર્શને માલૂમ પડે છે. વાદીની દાવા અરજ તથા મનાઈઅરજમાં જણાવવામાં આવેલ હકીકત મુજબ તથા વાસ્તવિકમાં વાદીઓ તથા પ્રતિવાદીઓ સંયુકત કુટુંબનો કબજો, ભોગવટો, વાપર, વપરાશ ચાલી આવેલ હતો અને છે. તે દર્શાવતા પુરાવા તેમજ તેમના વડીલોના કેસ પેપર વિગેરે...ના પુરાવા રજુ કરેલ છે. ઉપરોકત હકીકતમાં આ કામે પ્રતિવાદી નં.૧ થી ૩ ના પિતાશ્રી ''કાનજી બાવજી'' નું નામ કઈ રીતે રેકર્ડ દફતરે ચઢાવવામાં આવેલ તે બાબતના દસ્તાવેજી પુરાવા રજુ કરવા માટે હાલની આ અરજી સી.પી.સી. ઓ.–૧૧, રૂલ–૧૨ મુજબ દસ્તાવેજ ડિસ્કવરી માટે આપેલી છે.

2. ત્યારબાદ આ કામના પ્રતિવાદી નં. ૪ કેતનભાઈ રમેશચંન્દ્ર વશી ધ્વારા આંક–૨૫ થી વાદીની આંક–૨૧ ની અરજીનો લેખિત જવાબ રજુ કરી જણાવેલ છે કે, વાદીની અરજી ખરી નથી, કાયદામાં ચાલી શકે તેમ નથી. જેથી તે રદ્ધ થવાને પાત્ર છે. વાદીએ તેમની અરજીમાં રેવન્યુ રેકર્ડ સંબંધે પ્રશ્ન ઉપસ્થિત કરેલા છે. રેવન્યુ રેકર્ડ એ કાયદા મુજબ

જાહેર દસ્તાવેજો છે. સદર દસ્તાવેજો કોઈપણ વ્યકિત પ્રાપ્ત કરી શકે છે. તેમ છતાં વાદીએ તેવા દસ્તાવેજોની નકલ પ્રતિવાદી પાસે માંગેલ છે, તેવી માંગણી કરવા વાદી કાયદામાં હકકદાર ન હતા અને નથી. સી.પી.સી. ઓર્ડર–૧૧, રૂલ–૧૨ ની જોગવાઈ જોતાં તે દસ્તાવેજો પ્રતિવાદીના કબજામાં હોય તેવા દસ્તાવેજો અંગે જ વાદી દાદ માંગી શકે. જયારે હાલના કિસ્સામાં વાદીએ રેવન્યુ રેકર્ડ અંગેની માંગણી કરેલી છે. જેથી સી.પી.સી. ઓર્ડર–૧૧, રૂલ–૧૨ મુજબ વાદીની અરજી પ્રથમ દર્શને ચાલવા પાત્ર નથી. પ્રતિવાદીએ પ્રાપ્ત રેવન્યુ રેકર્ડ નામ. કોર્ટ સમક્ષ રજુ કરેલ છે તેવા – રેકર્ડને કોઈપણ સમયે પડકારવામાં આવેલ નથી. જમીન મહેસુલ કાયદાની કલમ–૧૩૫(જે) મુજબ રેવન્યુ રેકર્ડ માલિકીપણાનો પ્રથમ દર્શનીય દસ્તાવેજ છે. વાદી પાસે તેને પડકારવા માટે તેનાથી વિરૂધ્ધનો પુરાવો ન હતો અને નથી. મોજે–ધમડાછા, તા. ગણદેવી ગામે સને–૧૯૬૯ માં મહાપુર આવેલ. જે કારણે રેલના પાણી પંચાયત કચેરીમાં ભરાઈ જતાં તમામ રેકર્ડ પાણીને કારણે ધોવાણ થયેલ. જેથી જુનો રેવન્યુ રેકર્ડ પ્રાપ્ત થતો નથી. તે અંગે મામલતદારશ્રી, ગણદેવીએ તેઓને તા. ૧૬/૦૩/૨૦૨૪ ના રોજ એક દાખલો પણ આપેલ છે. વાદીની અરજીમાં કરવામાં આવેલા વિધાનો ખરા નથી તેઓને કબુલ નથી. વાદીઓનો કબજો હોવાની રજુઆત ખોટી છે. કાનજીભાઈ બાવજીભાઈના રેવન્યુ રેકર્ડમાં નામ દાખલ થવા અંગે વાદીએ ખોટી શંકા કુશંકા ઉપસ્થિત કરવા ખોટી અરજી આપેલી છે. વાદી દાવાવાળી મિલકતમાં તેમના હકકો હોવા અંગે કોઈ પ્રથમ દર્શનીય પુરાવો રજુ કરી શકયા નથી, તે નિષ્ફળતાને ઢાંકવા માટે વાદીએ સી.પી.સી. ઓર્ડર–૧૧, રૂલ–૧૨ ની ખોટી અરજી કરેલ હોય, વાદીની તે અરજી ખર્ચ સહિત નામંજૂર કરવા અરજ કરેલ છે. વધુમાં પ્રતિવાદીએ નિ. ૨૬/૧ થી મામલતદારશ્રી, ગણદેવીએ મોજે ધમડાછા, તા. ગણદેવીવાળી જમીનનો ખાતા નં. ૮૬૯, રી.સ.નં. બ્લોક નં. ૪૨ (જુનો બ્લોક નં. ૧૮) વાળી હસ્તલીખીત ગા.ન.નં. ૧૩૬ ની નકલ કચેરીએ ધોવાણ હાલતમાં હોય, જેથી અરજી દફતરે કરવામાં આવેલ છે તે બાબતનો દાખલ રજુ કરેલ છે.

**3.** આ કામના વાદી ધ્વારા દાવાના કામે આંક–૨૧ થી સી.પી.સી. ઓ.–૧૧, રૂલ–૧૨ મુજબ દસ્તાવેજ ડિસ્કવરીની અરજી રજુ કરતા પ્રતિવાદીનં.૪ તરફે વિ.વ.શ્રીએ આંક–૨૫ થી જવાબ રજૂ કરેલ છે. ત્યારબાદ બંને પક્ષકારોના વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવેલી છે. વાદી તરફે મુખ્ય તકરાર છે કે, દાવાવાળી જમીન વાદી તથા પ્રતિવાદીની સંયુકત માલિકી કબજા ભોગવટાવાળી જમીન ચાલી આવેલ છે અને તેમાં વાદીઓ તથા સદર કામના પ્રતિવાદીના પિતાશ્રી વર્ષોથી સંયુકત રીતે ખેતી કરી કુટુંબનું ભરણપોષણ કરતાં આવેલા હતા. પરંતુ સદર જમીનમાં કાનજીભાઈ બાવજીભાઈનું નામ રેકર્ડ દફતરે ચઢાવવામાં આવેલ જે બાબતે કોઈ જ માહિતી ઉપલબ્ધ નથી અને આવી રીતે ગે.કા. રીતે માત્ર નામ દાખલ કરવાથી કે થઈ જવાથી તે માલિક બની જતાં નથી.વાદી વધુમાં જણાવે છે કે, આ કામના પ્રતિવાદી નં.૧ થી ૩ ના પિતાશ્રી કાનજીભાઈ બાવજીભાનઈનું નામ કઈ રીતે રેકર્ડ દફતરે ચઢાવવામાં આવેલ છે. તે બાબતનો કોઈ પુરાવો આ કામના પ્રતિવાદીઓએ આપેલ નથી. પ્રતિવાદી તર્ફે રજૂઆત છે કે વાદીએ તેવા દસ્તાવેજોની નકલ પ્રતિવાદી પાસે માંગેલ છે, તેવી માંગણી કરવા વાદી કાયદામાં હકકદાર ન હતા અને નથી. સી.પી.સી. ઓર્ડર–૧૧, રૂલ–૧૨ ની જોગવાઈ જોતાં તે દસ્તાવેજો પ્રતિવાદીના કબજામાં હોય તેવા દસ્તાવેજો અંગે જ વાદી દાદ માંગી શકે. વધુમાં પ્રતિવાદી તર્ફે જણાવેલ છે કે, હાલના કિસ્સામાં વાદીએ રેવન્યુ રેકર્ડ અંગેની માંગણી કરેલી છે. જેથી સી.પી.સી. ઓર્ડર–૧૧, રૂલ–૧૨ મુજબ વાદીની અરજી પ્રથમ દર્શને ચાલવા પાત્ર નથી. પ્રતિવાદીએ પ્રાપ્ત રેવન્યુ રેકર્ડ નામ. કોર્ટ સમક્ષ રજુ કરેલ છે તેવા – રેકર્ડને કોઈપણ સમયે પડકારવામાં આવેલ નથી. જમીન મહેસુલ કાયદાની કલમ–૧૩૫(જે) મુજબ રેવન્યુ રેકર્ડ માલિકીપણાનો પ્રથમ દર્શનીય દસ્તાવેજ છે.

**4.** સી.પી.સી. ઓ.–૧૧, રૂલ–૧૨ અને ૧૪ ધ્યાને લેતા દસ્તાવેજ દાવાના વિષય વસ્તુ / તકરાર સંબંધિત રીલેવન્ટ હોય અને કોઈ પક્ષકારના પાવર અથવા પઝેશનમાં હોયતો તે ડિસ્કવરી કરવા અને સોગંદપર જાહેર કરવા / કોર્ટમાં રજૂ કરવા કોર્ટ હુકમ કરી શકે છે. સદર કેસમાં વાદીએ માંગણી કરેલ દસ્તાવેજો દાવામાં સંકળાયેલ તકરારના અસરકારક ન્યાય નિર્ણય માટે અગત્યના અને રીલેવન્ટ દસ્તાવેજો હોવાનું જણાય છે. અને તે

દસ્તાવેજો પ્રતિવાદિઓના કબજામાં હોવાની શક્યતા રહેલી છે. આમ, વાદીની અરજીની હકીકતો તેમજ સમગ્ર રેકર્ડ ધ્યાને લેતાં વાદીની હાલની અરજી ગ્રાહ્ય રાખવા પાત્ર જણાતી હોય, વાદીની અરજી અન્વયે નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**–: હુકમ :–**

1. વાદીની આંક–૨૧ ની અરજી આથી મંજૂર કરવામાં આવે છે.
2. સી.પી.સી. ઓ.–૧૧, રૂલ–૧૨ અને ૧૪ અન્વયે પ્રતિવાદીઓને હુકમ કરવામાં આવે છે કે તેઓએ, વાદીએ આંક–૨૧ ની અરજી માં જણાવ્યા મુજબના દસ્તાવેજો રજૂ કરવા અથવા પ્રતિવાદીઓના પાવર/પઝેશનમાં વાદીએ આંક–૨૧ની અરજીમાં જણાવેલા દસ્તાવેજો, જો ન હોયતો તે અંગેનું ડેક્લેરેશન ધરાવતું સોગંદનામું કોર્ટમાં રજૂ કરવું.

હુકમ આજરોજ તા. ૧૯મી માહે : સપ્ટેમ્બર, સને : ૨૦૨૪ નાં રોજ ગણદેવી મુકામે ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

ગણદેવી.
તા. ૧૯/૦૯/૨૦૨૪.

**( મહેશકુમાર આર. ઠક્કર )**
અધિક સિનિયર સીવીલ જજ,
ગણદેવી. – જીજે ૦૦૯૬૩